GJGS070004332015

सत्यमेव जयते

| તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં | |
|---|---|
| **રજુ તાઃ**-૧૫/૦૬/૨૦૧૫<br>**દાખલ તાઃ**-૧૫/૦૬/૨૦૧૫<br>**ફોજદારી કેસ નં.**-૩૦૫/૨૦૧૫<br>**ગુ.ર.નં.** - ૮૯/૨૦૧૦<br>**ફેસલ તાઃ**-૧૮/૦૫/૨૦૨૬<br>**આંકઃ-** | |
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઃ-** | **કાળુભાઇ દાનાભાઇ ધરોયા,**<br>રહે.પીપળીયા, તા.ગઢડા, જી.બોટાદ. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી જે.એન.પટેલ. |

## -// <u>ફોર્મ-બી</u> //-

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૨૪/૦૮/૨૦૧૦ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૨૬/૦૮/૨૦૧૦ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૧૩/૦૬/૨૦૧૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૦૩/૦૩/૨૦૧૭ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૨૫/૦૭/૨૦૧૭ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૧૮/૦૫/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૧૮/૦૫/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## -// <u>આરોપીઓની વિગત</u> //-

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાળુભાઇ દાનાભાઇ ધરોયા | | | ઇ.પી.કો.કલમ-૩૭૯, ૧૧૪ | નિર્દોષ ઠરાવેલ છે. | - | - |

## –// <u>ફોર્મ–સી</u> //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૦૭ | પ્રભુદાસભાઇ હરજીવનદાસ લોઢીયાની જુબાની. | ફરીયાદી |
| (૨) | ૧૦ | પરેશભાઇ પ્રભુદાસભાઇ લોઢીયાની જુબાની. | સાહેદ |
| (૩) | ૧૫ | વીશાલભાઇ પ્રભુદાસભાઇ લોઢીયાની જુબાની. | સાહેદ |
| (૪) | ૨૧ | આકાશભાઇ રાજુભાઇ માંડવીયાની જુબાની. | પંચ સાહેદ |
| (૫) | ૨૩ | કરશનભાઇ રામભાઇ વાજાની જુબાની. | પંચ સાહેદ |
| (૬) | ૨૫ | દેવાભાઇ લખમણભાઇ બાલસની જુબાની. | પંચ સાહેદ |
| (૭) | ૨૭ | પ્રફુલભાઇ મોહનભાઇ પાલાની જુબાની. | પંચ સાહેદ |
| (૮) | ૩૦ | મનીષભાઇ ચંદુભાઇ પાલાની જુબાની. | પંચ સાહેદ |
| (૯) | ૩૨ | હીતેષભાઇ નંદલાલભાઇ નાંઢાની જુબાની. | પંચ સાહેદ |
| (૧૦) | ૭૫ | જનકસિંહ બળવંતસિંહ વાઘેલાની જુબાની. | ત.ક.અ. |
| (૧૧) | ૭૭ | બીપીનભાઇ પરષોતમ ભારથીની જુબાની. | પોલીસ સાહેદ |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | એફ.આઇ.આર. |
| (૨) | ૨૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. |
| (૩) | ૨૬ | અટક તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ. |
| (૪) | ૬૭ | અટક પંચનામુ |
| (૫) | ૭૬ | અટક તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ. |

## <u>– :: ઠ રા વ ::–</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૮/૨૦૧૦ ના કલાક ૯/૩૦ થી ૧૦/૦૦ ના સમય દરમ્યાન તાલાલા સોની બજારમાં આવી આ કામના ફરીયાદીની સોની બજારમાં આવેલ શ્રીજી જવેલર્સમાં હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ ફરીયાદીની દુકાનમાં ગ્રાહક બની આવી સોનાના દાણા બતાવવાનુ કહી ફરીયાદીએ સોનાના દાણાનુ બોકસ ખોલી બતાવતા જે સોનાના દાણા જોતા અન્ય દાણા બતાવવાનુ કહેતા આરોપી નં.૪ નાએ દુકાનમાં

આવતા તેણે રાખડી માંગતા ફરીયાદીની નજર ચુકાવી સોનાના દાણાનો બોકસ–૧ દાણા નંગ–૮૪, કિંમત રૂા.૧૭,૨૦૦/– ની ચોરી કરી મોટર સાયકલ નં.આર.જે.–૧–ડી.સી.–૯૯૫૨ ઉપર સહ આરોપી સાથે તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક–૦૬ થી આરોપીની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ જણાવેલ છે કે, અમારી સામે ખોટી ફરીયાદ કરેલ છે, અમો નિર્દોષ છીએ, અમોને ખોટી રીતે સંડોવેલ છે.

**(૪)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે તેમના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૮/૨૦૧૦ ના કલાક ૯/૩૦ થી ૧૦/૦૦ ના સમય દરમ્યાન તાલાલા સોની બજારમાં આવી આ કામના ફરીયાદીની સોની બજારમાં આવેલ શ્રીજી જવેલર્સમાં હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ ફરીયાદીની દુકાનમાં ગ્રાહક બની આવી

સોનાના દાણા બતાવવાનુ કહી ફરીયાદીએ સોનાના દાણાનુ બોકસ ખોલી બતાવતા જે સોનાના દાણા જોતા અન્ય દાણા બતાવવાનુ કહેતા આરોપી નં.૪ નાએ દુકાનમાં આવતા તેણે રાખડી માંગતા ફરીયાદીની નજર ચુકાવી સોનાના દાણાનો બોકસ–૧ દાણા નંગ–૮૪, કિંમત રૂા.૧૭,૨૦૦/– ની ચોરી કરી મોટર સાયકલ નં.આર.જે.–૧–ડી.સી.–૯૯૫૨ ઉપર સહ આરોપી સાથે તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આઇ.પી.સી.કલમ–૩૭૯, ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

**(૮)** આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ઘ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૦૭ થી ફરીયાદી પ્રભુદાસભાઇ હરજીવનદાસ લોઢીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને એફ.આઇ.આર.ની નકલ બતાવવામાં આવે છે, તેમાં તેઓની સહી છે તે તેઓ ઓળખે છે, જે આ કામે આંક–૦૮ થી રજુ છે. આ બનાવ ત્રણ ચાર વર્ષ પહેલા તેઓની શ્રીજી જવેલર્સ નામની દુકાન છે તેમાં બે ત્રણ બાઇ આવી અને તેઓને દાણા બતાવા કહેલ. બે ત્રણ બોક્ષ બતાવેલ તેમાં એક બોક્ષ તેણે લઇ લીધેલ, તેમાં આશરે સોનાના દાણા ૭૦ હતા, તેની કિંમત રૂા.૧૮,૦૦૦/– જેટલી થાય.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બોક્ષમાં કેટલા દાણા હતા તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે ફરીયાદમાં શું લખેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બૈરા કોણ હતા તે મને યાદ નથી."

(૯) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ પરેશભાઇ પ્રભુદાસભાઇ લોઢીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવ પાંચ વર્ષ પહેલા બનેલો, શ્રીજી જવેલર્સમાં તાલાલા બનેલો. ત્રણ બૈરા આવેલા અને દુકાનમાં તેઓના પપ્પા બેઠેલા હતા અને નાકના દાણા જોવા માગેલા તે દાણા બોક્ષમાં હતા, તેમાં આશરે ૯૦ દાણા હોય તે સોનાના હતા. બીજુ બોક્ષ બતાવા જતા દાણાનુ બોક્ષ લઇ લીધેલ તે દાણાની કિંમત ૩૫૦૦૦/– ગણાય. કયા વર્ષમાં બનેલ યાદ નથી. આ બનાવ સવારના રક્ષાબંધનના દીવસે બનેલો.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, અમારી દુકાને અનેક બૈરા આવે છે. એ વાત ખરી છે કે, કેટલી વખત બોક્ષ બતાવામાં આવે તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, કયા બૈરા બોક્ષ લઇ ગયા તે મને ખબર નથી અને કેટલા દાણા ગયા તે ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ વખતે હું હાજર ન હતો મને કંઇ ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસ મારી પાસે કયારેય આવેલી નથી."

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૫ થી સાહેદ વીશાલભાઇ પ્રભુદાસભાઇ લોઢીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવ સાત આઠ વર્ષ પહેલા તેઓની દુકાને ચોરીનો બનાવ બન્યો હતો. સવાર અને બપોરની આસપાસ આ બનાવ બન્યો હતો. બનાવ વખતે તેઓ અને તેમના પપ્પા બંને જણ હાજર હતા. કયા કયા દાગીનાની ચોરી થઇ હતી તે તેઓને યાદ નથી. કેટલા જણા અને કોણ કોણ તેઓની દુકાને આવ્યા હતા તે તેઓને ખબર નથી. કેટલા રૂપિયાની ચોરી થઇ તે તેઓને યાદ નથી. તેઓ તેમની દુકાનમાં વીંટી, સોનાના દાણા વિગેરે દાગીના વેચે છે. આ બનાવની ફરીયાદ તેઓના પપ્પાએ કરેલ હતી. કઇ રીતે ચોરી થઇ હતી તે તેઓને યાદ નથી. જે વ્યકિતએ ચોરી કરી તે કઇ જાતીની તેમજ કઇ લીંગની હતી તે તેઓને ખબર નથી. બનાવ સમયે પોલીસે તેઓની પુછપરછ કરેલી. આ ચોરી થઇ તે અગાઉ આરોપીઓએ ચોરી કરી હોય તે તેઓને ખબર નથી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્રારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ બાબતે કંઇ જાણતો નથી.

એ વાત ખરી છે કે, કોણે અને કેવી રીતે ચોરી કરી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, શું ચોરી થયેલ તે મને યાદ નથી."

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૧ થી પંચ સાહેદ આકાશભાઇ રાજુભાઇ માંડવીયા, આંક–૨૩ થી પંચ સાહેદ કરશનભાઇ રામભાઇ વાજા, આંક–૨૫ થી પંચ સાહેદ દેવાભાઇ લખમણભાઇ બાલસ તથા આંક–૨૭ થી પંચ સાહેદ પ્રફુલભાઇ મોહનભાઇ પાલા નાઓને તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૨૨ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામા તથા આંક–૨૬ થી રજુ થયેલ અટક તથા મુદામાલ કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં આંક–૨૨ તથા ૨૬ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક–૩૦ થી પંચ સાહેદ મનીષભાઇ ચંદુભાઇ પાલા તથા આંક–૩૨ થી પંચ સાહેદ હીતેષભાઇ નંદલાલભાઇ નાંઢા નાઓને તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૩૧ થી રજુ થયેલ અટક પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં આંક–૩૧ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૭૫ થી તપાસ કરનાર અમલદાર જનકસિંહ બળવંતસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૭/૦૯/૨૦૧૦ થી તેઓ તાલાલા પો.સ્ટે.ના પી.એસ.આઇ. અને થાણા અધિકારી તરીકે તેઓનો ચાર્જ સંભાળેલ ત્યારે તાલાલા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૮૯/૨૦૧૦ ના કામે તપાસ ગત પી.એસ.આઇ. વી.કે.પટેલ સર તરફથી તેઓને મળેલી અને તે તપાસ તેઓએ સંભાળેલી. જે તપાસના કામે અગાઉ આરોપીઓ પકડાયેલ સીવાયના આરોપી નં.૧ કાળુ દાના ઘેટીયા, ૨. વલ્લભ મનસુખ, ૩. શીલાબેન વા/ઓ. વલ્લભભાઇ જાતે.દેવીપુજક, રહે.પીપળીયા, જી.ભાવનગરવાળાને તપાસ માટે તેઓ તથા તેઓના અંગત બાતમીદાર મારફત તપાસ કરેલ અને આ બાબતે ગઢડા પોલીસ પી.એસ.આઇ. અને એલ.સી.બી. પી.એસ.આઇ. ભાવનગરને રહેવા અને આ કામના આરોપીઓને શોધવા યાદીથી જાણ કરેલ તેમજ આ કામના

આરોપીઓ અવાર નવાર તપાસ કરવા છતા મળી આવતા ન હોય જેથી સી.આર.પી.સી. ૭૦ મુજબનુ વોરંટ મેળવવા માટે નામદાર કોર્ટને રીપોર્ટ કરેલ. ત્યારબાદ આ કામે અગાઉના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ અને હાલના આરોપી કાળુ દાનાભાઇ દેવીપુજક તેઓની તપાસના સમય દરમ્યાન મળી આવેલા ના હોય જેને લાલ અક્ષરે દર્શાવેલ અને ત્યારબાદ આગળની તપાસ તેઓની ટ્રાન્સફર થતા ક્રાઇમ વીભાગમાં સોંપી આપેલ હતી.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે આંક-૭૭ થી પોલીસ સાહેદ બીપીનભાઇ પરષોતમ ભારથીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૭/૦૯/૨૦૧૦ ના તાલાલા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૮૯/૨૦૧૦ ના કામે તપાસ ગત પી.એસ.આઇ. વી.કે.પટેલ સર તરફથી જે.બી.વાઘેલાની મળેલી અને તેમણે આ કામે ચાર્જશીટ કરેલલ ત્યારે હાલના આરોપી કાળુભાઇ દાનાભાઇ ઘરોચા, દેવીપુજક વિરૂધ્ધ ચાર્જશીટમાં નાસતા ફરતા બતાવેલ. જેઓનુ તેઓએ વોરંટ મેળવી આરોપી જુનાગઢ જીલ્લા જેલમાં અન્ય ગુન્હાના કામે હોય જેથી ટ્રાન્સફર વોરંટથી તેનો કબજો મેળવી અટક બતાવેલ અને આરોપીનો ખુલાસો લીધેલ અને આ કામના આરોપી વિરૂધ્ધ અગાઉ ત.ક.અ.શ્રીએ મોટાભાગની તપાસ પુર્ણ કરેલ હોય તેઓએ તેમના વિરૂધ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ રાખેલ.

**(૧૪)** આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદી પ્રભુદાસભાઇ હરજીવનદાસ લોઢીયાને આંક-૦૭ થી તપાસેલા છે. તેઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, **આ બનાવ ત્રણ ચાર વર્ષ પહેલા તેઓની શ્રીજી જવેલર્સ નામની દુકાન છે તેમાં બે ત્રણ બાઇ આવી અને તેઓને દાણા બતાવા કહેલ. બે ત્રણ બોક્ષ બતાવેલ તેમાં એક બોક્ષ તેણે લઇ લીધેલ, તેમાં આશરે સોનાના દાણા ૭૦ હતા, તેની કિંમત રૂા.૧૮,૦૦૦/- જેટલી થાય.** જયારે આરોપી તર્ફેની ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **બોક્ષમાં કેટલા દાણા હતા તેની તેઓને ખબર નથી તેમજ પોલીસે ફરીયાદમાં શું લખેલ તેની તેઓને ખબર નથી તેમજ બૈરા કોણ હતા તે તેઓને યાદ નથી.** વધુમાં આ સંદર્ભે સાહેદ પરેશભાઇ પ્રભુદાસભાઇ લોઢીયાને આંક-૧૦ થી તપાસેલા છે. તેઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, **બનાવ પાંચ વર્ષ પહેલા**

**બનેલો, શ્રીજી જવેલર્સમાં તાલાલા બનેલો. ત્રણ બૈરા આવેલા અને દુકાનમાં તેઓના પપ્પા બેઠેલા હતા અને નાકના દાણા જોવા માગેલા તે દાણા બોક્ષમાં હતા, તેમાં આશરે ૯૦ દાણા હોય તે સોનાના હતા. બીજુ બોક્ષ બતાવા જતા દાણાનુ બોક્ષ લઈ લીધેલ તે દાણાની કિંમત ૩૫૦૦૦/– ગણાય.** જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓની દુકાને અનેક બૈરા આવે છે તેમજ કેટલી વખત બોક્ષ બતાવામાં આવે તે તેઓ કહી શકે નહી તેમજ કયા બૈરા બોક્ષ લઈ ગયા તે તેઓને ખબર નથી અને કેટલા દાણા ગયા તે ખબર નથી તેમજ બનાવ વખતે તેઓ હાજર ન હતો તેઓને કંઈ ખબર નથી તેમજ પોલીસ તેઓની પાસે કયારેય આવેલી નથી.** વધુમાં આ કામે સાહેદ વિશાલભાઈ પ્રભુદાસભાઈ લોઢીયાને આંક–૧૫ થી તપાસેલા છે, પરંતુ તેઓએ પોતાના પોલીસ રુબરુના નીવેદનથી વિરૂઘ્ધની જુબાની આપેલ છે. જયારે આરોપી તર્ફેની ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, **બનાવ બાબતે કંઈ જાણતો નથી તેમજ કોણે અને કેવી રીતે ચોરી કરી તે તેઓને ખબર નથી તેમજ શું ચોરી થયેલ તે તેઓને યાદ નથી.** વધુમાં આ કામે આંક–૨૧, ૨૩, ૨૫, ૨૭, ૩૦ તથા ૩૨ થી તપાસવામાં આવેલ પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૨૨, ૨૬ તથા ૩૧ વાળા પંચનામા સમર્થન પામી પુરવાર થતા નથી. વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર જનકસિંહ બળવંતસિંહ વાઘેલાને આંક–૭૫ થી તથા પોલીસ સાહેદ બીપીનભાઈ પરષોતમ ભારથીને આંક–૭૭ થી તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં તેઓની ફરજ દરમ્યાનની રૂટીન કાર્યવાહી મુજબ હાલના આક્ષેપીત બનાવની તપાસ કર્યા સંદર્ભેનો પુરાવો રજુ કરેલ છે. આમ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા હાલના ત.ક.અમલદાર દ્વારા કરવામાં આવેલ તપાસને તેનાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં બચાવપક્ષ દ્વારા અટક પંચનામુ આંક–૬૭ થી તેમજ અટક તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ આંક–૭૬ થી એડમીટ કરવામાં આવેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીએ સોનાના દાણાની ચોરી કરેલાની હકીકત જણાય આવતી નથી.

**(૧૫)** આમ, સદર કામે રજુ ફરીયાદપક્ષના પુરાવાથી ફરીયાદમાં જણાવ્યા મુજબની ચોરી થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે, પરંતુ સદર કામના આરોપીએ ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. એ વાત ઉલ્લેખનીય છે કે, ચોરીના ગુનામાં નજરે જોનાર સાહેદ હોઈ શકે નહી તેથી સીધા પુરાવાથી ચોરીનો ગુનો

પુરવાર કરવો ઘણો કઠીન છે. પરંતુ હાલના આરોપીને સીધી રીતે કે સાંયોગીક પુરાવાને આધારે આ ગુનાના કામે સાંકળી શકાય તેવી હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર લાવવાની રહે છે. ઉપર જણાવ્યા મુજબ સાહેદોની સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે તે જુબાનીથી આરોપીએ ચોરી કરેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી ફરીયાદપક્ષ તરફથી આરોપીને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રજુ થતો નથી. આમ સદર કામે ઉપરોકત તમામ એકંદર હકીકતને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધના મજકુર ગુનાના કામે આરોપીને સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાંકળી શકાય તેવી કોઇ હકીકત કે પુરાવો ફરીયાદપક્ષ આ કામે રજુ કરી શકેલ નથી.

**(૧૬)** આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા, રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા, રજુ પ્રોસેસ તથા નિવેદનો તમામ એકસાથે ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ આરોપીઅ સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે. આરોપી વિરૂઘ્ઘ ફકત ચાર્જશીટ થવા માત્રથી આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ છે તેવુ માની સજા કરી શકાય નહી, તે ગુનો ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરવાનો હોય છે. એટલે કે ફરીયાદપક્ષ કોર્ટમાં પોતાનો કેસ લઈને આવેલા છે અને તે શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય છે, જે ફરીયાદપક્ષ સાબિત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

**(૧૭)** આમ,જયારે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લેતા આરોપી વિરૂઘ્ઘનો ગુનો નિ:શંકપણે સાબીત થતો ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુદ્ધ સબબ ગુનાની જોગવાઈ મુજબના તત્વો સાબિત થતા ના હોય તે સબબ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. તે માટેનું નામદાર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. In the case of **Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court** has laid down the tests which are prerequisites before conviction should be

recorded, which are as under:

> i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;
>
> ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;
>
> iii. The circumstances should be of conclusive nature and tendency;
>
> iv. They should exclude every possible hypothesis except the one to be proved; and
>
> v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

**(૧૮)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે "**મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧**" માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"**197.** In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be

innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contained in Article- 20 and 21 of the Constitution of India."

(૧૯) વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કાલીરામ વિ. સ્ટેટ ઓફ એચ.પી. (૧૯૭૩) ૨ એસ.સી.સી. ૮૦૮ માં જણાવેલ છે કે, "It is important to note that the cardinal principles in the administration of criminal justice in cases where heavy reliance is placed on circumstantial evidence, is that where two views are possible, one pointing to the guilt of the accused and the other towards his innocence, the one which is favourable to the accused must be adopted."

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટના રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળતુ નથી અને સાહેદોની જુબાની જોતા આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદા નં.૧ ની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના **આરોપી** કાળુભાઇ દાનાભાઇ ધરોયા, રહે.પીપળીયા, તા.ગઢડા, જી.બોટાદ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/- ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૧૮, માહે-મે, સને- ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

સ્થળ: તાલાલા.
તારીખ: ૧૮-૦૫-૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.